# Dr.Bijalben R Mistry Assistant Professor Anand Education College,Anand.

Noice Pollution

Microsoft Team

CPS : 7

# ઘોંઘાટ પ્રદૂષણ

- પ્રસ્તાવના
- ધ્વનિ પ્રદૂષણ માનવીના સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ રહ્યું છે
- ઘોંઘાટ પેદા કરવામાં વિવિધ સાધનો જોવા મળે છે જેવા કે વાહન વ્યવહાર ના સાધનો મોટા અવાજે વાગતા મનોરંજન ના સાધન કારખાના ના મશીનો વગેરે

# ઘોંઘાટ  પ્રદૂષણ નો અર્થ

- અરુચિકર અસહ્ય એવો ઉંચી તીવ્રતાવાળો અવાજ એટલે ધ્વનિ પ્રદૂષણ
- સાદી ભાષામાં ઘોંઘાટ  ન ગમતો અવાજ એટલે ધ્વનિ પ્રદૂષણ
- વીજળીના કડાકા, પવનના સૂસવાટા, ધરતીકંપ, વાદળોના ગડગડાટ ,જ્વાળામુખી ફાટવાથી થતા અવાજ
- કૃત્રિમ સ્રોત  જેવા કે કાર ,સ્કૂટર ,ટ્રક રીક્ષા વગેરે

- ધ્વનિ પ્રદૂષણ

1 કુદરતી

2 કૃત્રિમ : ઉધ્યોગ -યંત્રો

મનોરંજનના સાધનો

વાહનો

# વ્યાખ્યા

- હારનેલ : ઘોંઘાટ એ બિન જરૂરી અવાજ હોય છે જે થાક માં વધારો કરે છે અને અમુક ઔધોગિક સ્થિતિઓ હેઠળ તે બહેરપણું  કે બધીરતા આવે છે.
- બ્લમ : ઘોંઘાટ એ વિક્ષેપ  કે ખલેલ પહોંચાડવાની બાબત છે અને તે કાર્યદક્ષતામાં આડે  આવે છે  કે નડતરરૂપ બને છે
- ટિફિન : ઘોંઘાટ એ અવાજ છે જે વ્યક્તિગત માટે નૈતિક અધઃપતન કરનાર હોય છે અને જે વ્યક્તિની સામાન્ય રીતને ખલેલ પહોંચાડે છે.

# ધ્વનિ પ્રદૂષણ ના કારણો

- વાહન વ્યવહાર ના સાધનો
- ઉદ્યોગો
- તહેવારોની ઉજવણી
- મનોરંજનના સાધનો
- વસ્તી વધારો
- ફટાકડા ફોડવા
- ઘર વપરાશ ના સાધનો
- નેતાઓના પ્રવચનો
- ધાર્મિક કાર્યક્રમો

# ધ્વનિ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો

- મનોરંજનના સાધનો નો અવાજ જરૂરિયાત મુજબ પ્રમાણસર જ રાખવો જોઈએ
- જાહેરમાં વગાડાતા લાઉડ સ્પીકરની તીવ્રતા પર નિયંત્રણ મૂકીને ધ્વનિ પ્રદૂષણ ઘટાડી શકાય અવાજની મર્યાદા નક્કી કરી દેવામાં આવે
- ઘરવપરાશના સાધનોને ઉપયોગ કરવાનો હોય ત્યારે ઘરના બારી-બારણા બંધ રાખી ઉપયોગ કરવું બારી બારણા બંધ રાખી ધ્વનિ પ્રદુષણ ની અસર હળવી કરી શકાય છે
- જાહેર સભાખંડો મનોરંજન સિનેમાગૃહો માટેના હોલની દિવાલો પર અંદરની બાજુ  ધ્વનિ શોષક સિસ્ટમ લગાડવાથી અંદરના ધ્વનિને બહાર જતો અટકાવી શકાય

- ધ્વનિ પ્રદૂષણ્ કરતા વાહનો સાધનોની યોગ્ય ચકાસણી કરતી ઉત્તમ કોટિના રાખવા જોઈએ જેથી ધ્વનિ પ્રદૂષણ ઘટાડી શકાય
- કાર ,ટ્રકો ,બસો વગેરેમાં ડેસિબલ મીટર લગાવી શકાય જેથી અમુક હદ સીમા સુધી જ ધ્વનિ  ઉદ્ભવે
- જાહેરમાં લાઉડ સ્પીકર નો ઉપયોગ કરવા માટે અંકુશ મૂકી દેવો એ સૌથી સીધો અને સરળ ઉપાય છે
- ધ્વનિ શોષક યંત્ર લગાવીને ઘોંઘાટના ઘટક પ્રભાવથી બચી શકાય છે અમુક અમુક જગ્યાએ ધ્વનિ શોષક યંત્ર લગાડવાથી બિનજરૂરી ધ્વનિથી બચાવ થઈ શકે છે

- અવાજના પ્રદૂષણને અટકાવવા ધ્વનિ વધારનારા ઉપકરણોના ઉત્પાદન વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જોઈએ
- ઘર વપરાશ માટે વાપરવામાં આવતા સાધનો નો અવાજ ઓછો રાખવામાં આવે
- ધાર્મિક પ્રસંગોએ સંત કથા સમયે ચુંટણીના સમયે લગ્ન સમયે તહેવારોના સમયે વગેરે ઉજવણી પ્રસંગે લાઉડ સ્પીકર નો  થતો બેફામ ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જોઈએ તેમાં રાત્રીના તો પ્રતિબંધ હોવો જોઈએ
- ઔદ્યોગિક એકમોમાં તથા સતત ઘોંઘાટ ફેલાતો હોય તેવા સ્થળોના કર્મચારીઓને કારીગરોને ઈયર પ્લગ , ઈયર  માસ્ક  તથા હેલ્મેટની સગવડતા પૂરી પાડવી જોઈએ

- બહારના ઘોંઘાટને રોકવા માટે વૃક્ષારોપણ કરવામાં આવે તો અવાજ ને રોકી શકાય છે
- અવાજ ઓછો રાખવા માટે તેમજ ધ્વની પ્રદુષણની માઠી અસર અંગે લોકોને જ્ઞાન આપવું જોઈએ શાળામાં ઈકો ક્લબના સભ્યો અને શિક્ષકોએ શાળાના વિદ્યાર્થીઓને ધ્વનિ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો અંગે જાણકારી આપી તેનું પાલન કરવા યોગ્ય વલણ વિકસાવવા જોઈએ
- શહેરમાં વધતા જતાં ટ્રાફિકને કારણે હોસ્પિટલ શૈક્ષણિક સંસ્થાઓ અને રહેઠાણની જગ્યાઓ પાસે ઘોંઘાટ  ન થાય તે માટે હોર્ન  પર પ્રતિબંધ મુકવો જોઈએ

- ઘણા દેશોમાં વગાડવું તેમજ બિનજરૂરી ઘંટડી વગાડવી ગુનો ગણાય છે જ્યારે આપણા દેશમાં વાહનચાલકો જુદા જુદા પ્રકારના હોર્ન વાપરવાનો આગ્રહ રાખે છે
- ધ્વનિ પ્રદૂષણ અટકાવવા માટે મહત્વના કાયદાઓ કરાવવા જોઈએ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દિલ્હીમાં આ દૂષણ ના ઉકેલ માટે રચેલ નોઈસ પોલ્યુશન કંટ્રોલ દ્વારા તાજેતરમાં જાહેરનામુ બહાર પાડીને સાધનથી અવાજનું સ્તર કેટલું રહેશે જેતે પ્રોડક્ટ પર દર્શાવવું પડશે તેવી જોગવાઈ કરવામાં આવી છે
- ધ્વનિ પ્રદૂષણ ફેલાવવા એ 1986ના પર્યાવરણ સુરક્ષા ધારા અધિ  નિયમ ના નિયમો પ્રમાણે ગુનો બને છે કેન્દ્ર સરકાર  દ્વારા ૨000ના વર્ષમાં ધ્વનિ પ્રદૂષણ નિયમો પણ ઘડવામાં આવ્યા છે ધ્વનિ પ્રદૂષણ અંગે ફરિયાદ પણ કરી શકાય છે પોલીસ કમિશનરને ફરિયાદ થઇ શકે છે

# આભાર